## મહારાવ ભારમલજી–પ્રતિબોધક

# શ્રી કલ્યાણસાગરસૂરિ

—શ્રી મોતીલાલજી ક્ષમાનંદજી

ક્ષેમસાગર, શિવોદધિસૂરિ, શિવસિંધુરાજ, કલ્યાણાબ્ધિ જેવાં વિવિધ નામોથી વર્ણવાયેલા 'જંગમતીર્થ,' 'યુગપ્રધાન,' 'જગદ્‌ગુરુ' આદિ ગૌરવપદોથી અન્વિત એવી ઉપમાઓથી બિરદાવાયેલા શ્રી કલ્યાણસાગર કચ્છના મહારાવ ભારમલજીના પ્રતિબોધક તરીકે ઉજ્જવળ કીર્તિ પામ્યા છે. એમના આ પ્રતિબોધથી કચ્છમાં અચલગચ્છનો પાયો સુદૃઢ થયો. એટલું જ નહિ રાજ્યાશ્રય મળવાથી અંચલગચ્છ કચ્છમાં ફૂલતો ફાલતો રહ્યો.

વઢિયાર પ્રદેશ અંતર્ગત લોલડા ગામમાં શ્રીમાલવંશીય 'કોઠારી' ઉપનામ ધરાવતા કુળના શ્રેષ્ઠી નાનિંગની ભાર્યા નામિલદેવીની કૂખે વિ. સં. ૧૬૩૩ માં વૈશાખ સુદી ૬ ના દિને આ મહાપુરુષનો જન્મ થયો. તેમનું પૂર્વાશ્રમનું નામ કોડનકુમાર હતું. તેમની માતાએ સ્વપ્નમાં ઉગતા સૂર્યને નીરખ્યો, તેથી દૈવીપુત્ર જન્મવાનો છે એમ જાણીને એવું નામ રખાયું. તે વખતમાં વિચરતા અચલગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્તિ-સૂરિએ તેજસ્વી રત્ન પારખી લઈને જૈન શાસનના મહિમાને ઉજ્જવળ બનાવવા અનેક પ્રયત્નો બાદ, માતા પાસેથી આ પુત્ર લઈને ધોળકામાં વિ. સં. ૧૬૪૨ માં ફાગણ સુદી ૪, શનિવારના દિવસે દીક્ષા આપી 'કલ્યાણસાગર મુનિ' તરીકે તેમનું નામકરણ કર્યું. ૧૬૪૪ ના મહાસુદી ૫ ના દિને વડી દીક્ષા આપવામાં આવી. તે પછી વિ. સં. ૧૬૪૯ ના મહા સુદી ૬, રવિવારના દિને અમદાવાદ નગરમાં તેમને આચાર્ય પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. ૧૬૭૧ માં ગુરુદેવ ધર્મમૂર્તિસૂરિ કાળધર્મ પામતાં, ૧૬૭૧ ના પોષ વદી ૧૧ ના શ્રી કલ્યાણસાગરસૂરિને ગચ્છનાયક પદે વિભૂષિત કરવામાં આવ્યા, અને તેઓ અંચલગચ્છનાયક પટ્ટધર બન્યા.

તે વખતે મહામહોપાધ્યાય રત્નસાગરજી આદિ રત્નાધિક હોવા છતાં, ધર્મમૂર્તિ-સૂરિના અનુગામીની પસંદગી અનોખી હતી. ૧૬૭૨ ની સાલમાં ઉદયપુરના શ્રી સંઘે તેમની યુગપ્રધાનપદ વડે વિભૂષિત કર્યા. આવા સર્વોચ્ચ સન્માનને મેળવનાર આ આચાર્ય છેલ્લી વિભૂતિ જ હતા એમ ગણાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી જામનગરના મંત્રી–યુગલ બંધુઓ દ્વારા થયેલી વિશેષ તીર્થયાત્રા, સંઘયાત્રા, અને દરેક સ્થાને સંઘ પસાર થાય, ત્યાં અમારિ તથા સાધર્મિક ઉન્નતિ અને સાત ક્ષેત્રની વૃદ્ધિ અદિની સુવાસ પણ અમર છે.

ભારતને ખૂણે ખુણે સંઘો, મંદિરો, નાનાં મોટાં ધાર્મિક કાર્યો, તીર્થોના જીર્ણોદ્ધારો, પ્રાણપ્રતિષ્ઠાઓ, તીર્થરક્ષા, સાધર્મિકોને સહાયતા, વેપાર, ધંધા તેમ અન્ય રીતે બધા સાધર્મિકોને સ્થિર કરાવી, આગ્રાના કુરપાલ–સોનપાલ તથા જામનગરના વર્ધમાન શાહ, પદમશી શાહ, રાજસિંહ શાહ, નેણશી શાહ, સોમા શાહ, આદિએ અનેક પુણ્ય કાર્યો કરીને લીધું હતું; એટલું જ નહિ, જામનગરની પ્રતિષ્ઠા વખતે દશ હજારથી વધુ બ્રાહ્મણોને તેમ જ સમસ્ત નગરને દાન–ભોજનની ગંગાથી પાવન કરવામાં આવ્યા હતા. આમ સંઘ ભક્તિના ઈતિહાસમાં સાચા અર્થમાં અનેકાંતવાદી એવા જૈન ધર્મની છાપ બધા પર જે વિશેષ થઈ, તે કલ્યાણગુરુના ઉપદેશનું પરિણામ હતું. આનું વર્ણન કવિ સૌભાગ્યસાગર ગણિએ 'લીલાધર રાસ'માં સંઘનું વિસ્તૃત વર્ણન કરતાં કર્યું છે.

શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી અનેક ઉલ્લેખનીય પ્રસંગો થયા. ધારશીભાઇ વોરાએ ભૂજમાં અચલગચ્છનો ઉપાશ્રય બંધાવ્યો અને ૧૬૬૩ માં ભૂજમાં શ્રી સંઘે ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ, વિ. સં. ૧૬૭૫ માં વૈશાખ સુદી ૧૩, શુક્રવારે શત્રુંજય ટૂંકમાં ચૌમુખજી જિનાલય અમદાવાદના શ્રી શ્રીમાલી રાજણદેના પુત્રોએ બંધાવેલ છે.

વિ. સં. ૧૬૮૩ માં મહા સુદી ૧૩, સોમવારે ગિરિરાજ પર શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયનો જીર્ણોદ્ધાર અમદાવાદનાં શ્રાવિકા હીરબાઈએ કરાવેલ, તે સાથે કુંડ પણ બંધાવેલ છે.

ખંભાતમાં વિ. સં. ૧૬૮૩ માં પાર્શ્વનાથજી આદિ પાંચ સ્ફટિકનાં બિંબો શ્રેષ્ઠી પદ્મસિંહે પ્રતિષ્ઠિત કર્યાં અને કલ્પસૂત્રોની સુવર્ણાક્ષરી પાંચ પ્રતો લખાવી, મોતીમય પૂંઠાઓ સાથે અર્પણ કરી.

વિ. સં. ૧૬૮૬ માં ચૈત્ર સુદી પુનમને દિને શત્રુંજય તીર્થે અદ્‌બુદજીના મંદિરનો જીર્ણોદ્ધાર, ૧૭૦૨ ના માગસર સુદી ૬ ના દિવસે શુક્રવારે, દીવ બંદર પ્રતિષ્ઠા મંત્રીશ્રી કમલશીએ કરેલી છે. બુરહાનપુરમાં પણ ૧૬૬૭ માં વૈશાખ વદી ૨, ગુરુવારના રોજ પ્રતિષ્ઠા થયેલ.

આગ્રાના જિનાલયમાં જૈન મૂર્તિને માટે ભય ઉત્પન્ન થયો અને સમસ્ત જૈન સમાજ ભયમાં આવી ગયો, ત્યારે બાદશાહના હુકમને પડકારવા માટે જૈન સમાજની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનંતિથી પૂજ્યશ્રી પોતાની વિદ્યાથી અને શાસનદેવીની કૃપાથી ચમત્કાર બતાવી બાદશાહને ધર્મરક્ષક બનાવી પ્રતિબોધિત કર્યા. આમ તે વખતે ધર્મ તેમજ સંઘ પર આવતા ભયો નિવાર્યા. વિધર્મી રાજાઓ અને બાદશાહોને અને બીજા મોટા પુરુષોને પોતાના ઉમદા ચારિત્રથી ચમત્કૃત કરી ધર્મની રક્ષા માટે તમામ કરી છૂટવા અને ખપી જવા લગી તૈયાર તેવા દીર્ઘલક્ષી પ્રતિભાસંપન્ન ગચ્છાધીશો મહારાવ જેવાને પણ ધર્મસન્મુખ કરી શકયા અને તેમને સખ્ત વ્યસનથી મુક્ત કરાવી શકયા, તેવા મૈત્રીભાવ પ્રવર્તક રત્નતુલ્ય આચાર્યો આપણને સદાય વંદનીય છે.

તેમનો વિશાળ શિષ્ય-શિષ્યા સમુદાય હતો. સાહિત્ય ખેડાણમાં તેઓ અગ્રેસર હતા. તેમના અનેક ગ્રંથો આજે પણ અપ્રગટ રહેલા છે. તેમના પછી સાધુ-સાધ્વી સમુદાય અલ્પ રહ્યો અને ગોરજી સંખ્યા વધતી ગઈ, એ પરિવર્તન થયેલું હતું. ૮૫ વર્ષની પૂર્ણ વયે વિ. સં. ૧૭૧૮માં સાધારણ માંદગી ભોગવી ગુરુરાજ સ્વર્ગે સિધાવ્યા. આજે તેમનું અંતિમ સ્થાન સ્તૂપરૂપે અમર છે. તેમની પછી 'સાગર' એ સાધુઓનું બિરૂદ કાયમ થયેલું છે.

* * *

---

ભગવાન મહાવીરનો સંદેશ અને તેમના જીવન સંબંધી વધુમાં વધુ માહિતી મેળવવાનું કાર્ય આપણા માટે જ નહીં, પરંતુ સારા યે વિશ્વ માટે મહત્વનું છે. 'અહિંસાપરમો ધર્મ'નો સંદેશ તેમના અનુભવ અને તપસ્યાનું ફળ છે. ભગવાન મહાવીરના જીવન પરથી ખ્યાલ આવે છે કે, ઘોર તપસ્યા કર્યા પછી પણ તેઓ માત્ર તપસ્વી જ રહ્યા ન હતા અથવા તો પ્રાણીઓના સુખ-દુઃખ પ્રતિ ઉદાસીન થઈ ગયા ન હતા. બીજાઓ પ્રતિ તેમનો આત્મા દયાળુ અને સહૃદયી રહ્યો હતો. આવા સહાનુભૂતિપૂર્ણ સ્વભાવને લીધે પ્રાણીઓના સુખ-દુઃખ માટે, કલ્યાણ માટે તેમણે ઊંડું ચિંતન કર્યું હતું.

—ડૉ. રાજેન્દ્રપ્રસાદ

* * *

ભગવાન મહાવીરનો સંદેશ કોઈ ખાસ કોમ કે જ્ઞાત માટે નહીં પણ સારા ય વિશ્વ માટે છે. જો માનવી મહાવીરના ઉદ્દેશ અનુસાર ચાલે, તો પોતાના જીવનને આદર્શ બનાવી શકે છે. જગતમાં સુખ અને શાંતિ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે આપણે તેમના બતાવેલા માર્ગ ઉપર ચાલીએ.

—ચક્રવર્તી રાજગોપાલાચારી

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org